અપીલ અરજી નં.૧૬૦ તા.૨૬–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નગીનભાઈ પી. ચૌહાણ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પી. ચૌહાણની તા.૬–૩–૦૯ ની અરજીથી (૧) સને જાન્યુ.૨૦૦૧ થી ડીસે.૨૦૦૪ સુધીમાં ન.પ્રા.શિ. સમિતી સુરત.ના શાસનાધિકારી ની રજા દરમ્યાન ચાર્જ સોંપવામા આવ્યો હોય તેની માહિતી, ચાર્જમાં આવનાર અધિકારીના નામ, સરનામા અને કઈ તારીખથી કઈ તારીખ સુધી ચાર્જ સોંપવામાં આવ્યો તેની માહિતી (૨) ન.પ્રા.શિ.સ. સુરતના ઉપશાસનાધિકારી શંકરભાઈ પટેલ ને સસ્પેન્શન પછી હાજર થવા સંબંધી તેમને ચાર્જ સોંપી શકાય કે કેમ? અને તે અંગેના ઠરાવ અને હુકમની કોપી. (૩) જાન્યુ.૨૦૦૨ થી ડિસે.૨૦૦૩ સુધી શાસનાધિકારી રજા ઉપર ગયા હોય તેમની રજા/ માંદગીના રીપોર્ટની તમામ નકલોની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૬–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૬૦/૨૦૦૯–૧૦

શ્રી નગીનભાઈ પી. ચૌહાણની તા.૬–૩–૦૯ ની અરજીથી (૧) સને જાન્યુ.૨૦૦૧ થી ડીસે.૨૦૦૪ સુધીમાં ન.પ્રા.શિ. સમિતી સુરત.ના શાસનાધિકારી ની રજા દરમ્યાન ચાર્જ સોંપવામા આવ્યો હોય તેની માહિતી, ચાર્જમાં આવનાર અધિકારીના નામ, સરનામા અને કઈ તારીખથી કઈ તારીખ સુધી ચાર્જ સોંપવામાં આવ્યો તેની માહિતી (૨) ન.પ્રા.શિ.સ. સુરતના ઉપશાસનાધિકારી શંકરભાઈ પટેલને સસ્પેન્શન પછી હાજર થવા સંબંધી તેમને ચાર્જ સોંપી શકાય કે કેમ? અને તે અંગેના ઠરાવ અને હુકમની કોપી. (૩) જાન્યુ.૨૦૦૨ થી ડિસે.૨૦૦૩ સુધી શાસનાધિકારી રજા ઉપર ગયા હોય તેમની રજા/ માંદગીના રીપોર્ટની તમામ નકલોની માહિતી આપવા બાબતે માગેલ માહિતીના મુદ્દા નં.૨ અને ૩ની માહિતી ન આપ્યાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૭ તા.૪–૯–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને તથા અરજદારને સાડા ત્રણ માસના વિલંબથી રજૂ કરેલ અપીલનું વાજબીપણું અને આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો કે વિલંબને વાજબીપણું રજૂ કરવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ક્રમાંક/૮૩ તા.૧૬–૯–૦૯ ના રોજ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જે અનુસાર સને જાન્યુ.૨૦૦૧ થી ડીસે.૨૦૦૪ સુધીમાં શાસનાધિકારીના સોંપેલ ચાર્જની તારીખ અને નામ સહિતની માહિતીની નકલ શાસનાધિકારી શ્રી સી બી. પટેલના તા.૭–૧૧–૦૨ થી દિન–૧૫ ની રજાના રીપોર્ટની નકલ તથા ઉપશાસનાધિકારી શ્રી શંકરભાઈ પટેલને ચાર્જ સોંપ્યાના રીપોર્ટની નકલ, સામાન્ય સભાના ઠરાવ નં.૧૩૯/૨૦૦૩ તા.૬–૩–૦૯ ની નકલ, જાવક નં.૨ તા.૨–૪–૦૯ થી અરજદારને નકલ ફી ભરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ નમુના 'ઘ' માં આપેલ માહિતીની નકલ, પત્ર ક્રમાંક ૫૪ તા.૩૧–૭–૦૯ ના રોજ માહિતી બાબતે રૂબરૂ મળી જવા પાઠવેલ પત્રની નકલ, વિગેરે માહિતી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૬–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. અરજદારને મુદ્દા નં.૧ સને જાન્યુ.૨૦૦૧ થી ડીસે.૨૦૦૪ સુધીમાં ન.પ્રા.શિ. સમિતી સુરતના શાસનાધિકારી ની રજા દરમ્યાન ચાર્જ સોંપવામા આવ્યો હોય તેની માહિતી ચાર્જમાં આવનાર અધિકારીના નામ, સરનામા અને કઈ તારીખથી કઈ તારીખ સુધી ચાર્જ સોંપવામાં આવ્યો તેની માહિતી જાન્યુ. ૨૦૦૧ થી તા.૩૦–૫–૦૫ સુધી ચાર્જ સંભાળેલ શાસનાધિકારીના નામ અને સમયગાળા સહિતની માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જે બાબત કોઈ તકરાર અપીલમાં નથી. મુદ્દા નં.૨ ન.પ્રા.શિ.સ. સુરતના ઉપશાસનાધિકારી શંકરભાઈ પટેલ ને સસ્પેન્શન પછી હાજર થવા સંબંધી તેમને ચાર્જ સોંપી શકાય કે કેમ? અને તે અંગેના ઠરાવ અને હુકમની કોપીની માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ઉપશાસનાધિકારી શ્રી શંકરભાઈ કે. પટેલ સસ્પેન્શન પછી હાજર થયા સબંધી તેમને વહીવટી ચાર્જ સોંપવામાં આવેલ છે. શાસનાધિકારીની ગેરહાજરી દરમ્યાન ત્યાર પછીના કર્મચારી શંકરભાઈ કે. પટેલ આવતા હોવાથી તેઓ ચાર્જ સંભાળે છે (નાણકીય બાબત સિવાય) તેમજ રજા ઉપર જનાર શાસનાધિકારીએ પણ તેમના રીપોર્ટમાં તેવું જણાવેલ છે. ચાર્જ તેમને સોંપવાની/ ઈલેકશનની કામગીરી તેમજ શાળાના વહીવટી કામગીરીની સત્તાનો ચાર્જ સોંપેલ છે. તેમજ શાસનાધિકારી દિન–૧૫ ની માંદગીની રજા ઠરાવ નં.૧૩૯/૨૦૦૩ તા.૬–૩–૦૩ ની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. મુદ્દા નં.૩ જાન્યુ.૨૦૦૨ થી ડિસે.૨૦૦૩ સુધી શાસનાધિકારી રજા ઉપર ગયા હોય તેમની રજા/ માંદગીના રીપોર્ટની તમામ નકલોની માહિતી બાબતે તા.૭–૧૧–૨૦૦૨ થી દિન–૧૫ ની રજા સિવાયની માહિતી ઉપલબ્ધ નથી તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. આ ઉપરાંત જાહેર માહિતી અધિકારીએ તેમના તા.૩૧–૭–૦૯ ના પત્રથી દિન–૭ માં રૂબરૂ સંપર્ક કરી માંગેલી માહિતીની ફી ભર્યાની નકલ રજૂ કરી મેળવી લેવા જણાવેલ છે. પરંતુ અરજદાર કક્ષાએથી અપીલ

સમયે કે અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં પણ વિલંબની અપીલ અંગે વાજબીપણું કે પૈસા ભરીને માહિતી મેળવેલ છે કે કેમ તેવી કોઈ પણ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. પરંતુ અપીલ અરજીની તા.૨૬–૮–૦૯ સાથે જિલ્લા શિક્ષણ અધિકારીના તા.૪–૮–૦૯ ના અરજદારને સંબોધીને લખાયેલ પત્રથી અરજદારની બાબત હેઠળને તેમને કરેલ અપીલ અરજી સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશ્નર અપીલ અધિકારી હોય સદર કચેરીને અપીલ કરવા જણાવી પરત કરતાં પત્રની નકલ તથા તા.૧–૮–૦૯ ના રોજ જિલ્લા શિક્ષણ અધિકારીને કરેલ અપીલની નકલ રજૂ કરેલ છે.

શાસનાધિકારીએ અરજદારને આપેલ માહિતી પત્રમાં પત્ર નંબર કે તારીખનો કોઈ ઉલ્લેખ નથી કે મોકલ્યાના કોઈ આધાર પૂરક વિગતોમાં રજૂ કરેલ નથી. પરંતુ અરજદારે માત્ર મુદ્દા નં.૨ અને ૩ સામે નારાજગી રજૂ કરેલ હોઈ તે માહિતી તેમને મળ્યાનું માનવાને કારણ છે. શાસનાધિકારીના સદર પત્રમાં અપીલ અધિકારી મ્યુ. કમિશ્નર હોવાનો ઉલ્લેખ પણ છે જ. તેમ છતાં અરજદાર ધ્વારા નિયત સમય અવધિમાં અત્રે અપીલ કરવામાં નિષ્ફળ ગયેલ સ્પષ્ટ થાય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સબંધે તા.૨૬–૮–૦૯ થી સાડા ત્રણ માસના વિલંબથી કરેલ અપીલ અંગે ન્યાયના હિતમાં અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં વિલંબના કારણો કે વાજબીપણું રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ હોઈ અરજદારની વિલંબથી કરેલ અપીલ ગ્રાહય ન રાખતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં કાયદાના હાર્દ અને જોગવાઈને અનુલક્ષી જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૩૧–૭–૦૯ ના રોજ અરજદારને પાઠવેલ પત્ર અનુસાર તેઓનો સંપર્ક કરી કાર્યવાહી કરવા માટે અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

***પ્રતિ***

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,